EDII

Sandesh

December 06, 2023
Page No.6
of City Bhaskar

# EDII દ્વારા ઇન્ટરનેશનલ ડે ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીની ઉજવણી

**ઈડીઆઈઆઈ દ્વારા સફળ દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોનું સન્માન કરવામાં આવ્યું**



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ સફળ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોનું સન્માન કરીને તથા દરેક વ્યક્તિ માટે તકો ધરાવતા સમાવેશી સમાજની જરૂરિયાત વિશે વાત કરવા જાણીતા પ્રોફેશનલ્સને આમંત્રિત કરીને ઈન્ટરનેશનલ ડે ઓફ પર્સન્સ વિથ ડિસએબિલિટીની ઉજવણી કરી હતી. ગુજરાત સરકારના સામાજિક સંરક્ષણ નિયામક કચેરીના નાયબ નિયામક કલ્પેશ વાણિયા આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. એવોર્ડ મેળવનારાઓમાં પટેલ અમિતકુમાર અશોકકુમાર (મીટસન રિન્યૂએબલ ટેક્નોલોજી), પટેલ શુભદ્રાબેન બાબુભાઈ (ગ્રીશા કોમ્પ્યૂટર એન્ડ કોમન સર્વિસ સેન્ટર) અને ઝાલા મંગુબેન ભલાભાઈ (પશુપાલન ક્ષેત્રે)નો સમાવેશ કરવામાં આવ્યો હતો.